
અનાદિ અક્ષરબ્રહ્મ
શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીનો દીક્ષા મહોત્સવ :
પૃથ્વી પર પ્રગટની ઉપાસનાનો પ્રથમ મહોત્સવ

સ્વામિશ્રીજી

વિક્રમ સંવત ૨૦૮૦,
પોષ માસના શુક્લ પક્ષની પૂર્ણિમા–અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી મહારાજનું ૨૧૫મું મહાદીક્ષા પર્વ !
ચારુતર ભૂમિનું રળિયામણું ગામ ડભાણ. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં ગામ ડભાણને પસંદ કર્યું.
એક મહાયજ્ઞનો આદર કર્યો, હજારો સંતો–હરિભક્તો અને વિદ્વાન બ્રાહ્મણો પધાર્યા, અને
એક મહાયજ્ઞની સંપન્નતાએ ભાદરાના મૂળજી શર્માને ભગવાન શ્રી સ્વામિનારાયણે મહાદીક્ષા આપી !

મહાદીક્ષા પ્રાપ્ત કરી ‘સાધુ નિર્ગુણાનંદ’ નામ ધારણ કરનાર પ્રભુના એ પરમ દિવ્ય ચૈતન્યની ઓળખાણ કરાવતાં
સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, ‘આજે આ મૂળજી શર્માને દીક્ષા આપતાં અમને અત્યંત પ્રસન્નતા થાય છે.
તેઓ અમારું અધો–ઊર્ધ્વ અક્ષરધામ છે. તેઓમાં અમે અખંડ નિવાસ કરીને રહીએ છીએ...!’

સમયના મહાપ્રવાહમાં વિશિષ્ટ, છતાં સામાન્ય લાગતી આ ઘટના કોઈ સામાન્ય મનુષ્યની મહાદીક્ષાની ઘટના નહોતી.
ભાદરાના મૂળજી શર્મા કોઈ સામાન્ય ખેડૂત નહોતા.
તેઓ તો સાક્ષાત્ અક્ષરધામ હતા. પરબ્રહ્મના પરમ દિવ્ય તત્ત્વને ધારણ કરનાર અક્ષરબ્રહ્મ હતા. અનાદિ અક્ષરબ્રહ્મ હતા !
તેથી જ, નિશ્ચિત સમયે સાક્ષાત્ પરબ્રહ્મ સ્વયં મૂળજી શર્માને દિવ્ય દર્શન આપી કહે છે :
‘મૂળજી ! શું કરવા આવ્યા છો, અને શું કરી રહ્યા છો !’
તે જ ક્ષણે ખેતરમાં પાણી વાળતા મૂળજી શર્મા પાવડો ફગાવી ગઢપુરની વાટે ચાલી નીકળે છે. અને, તે પછીનો ઘટનાક્રમ તો દિવ્ય ઇતિહાસ છે.

ડભાણમાં મૂળજી શર્માને દીક્ષા આપતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જે દિવ્ય પરાવાણી ઉચ્ચારી,
પોતાના અક્ષરધામ સ્વરૂપ અનાદિ અક્ષરબ્રહ્મ રૂપે સાધુ નિર્ગુણાનંદ–શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીની ઓળખાણ કરાવી તે ઘટના અને શબ્દો
આ પૃથ્વીના આધ્યાત્મિક ઇતિહાસમાં ઘટતી સર્વપ્રથમ પરમ દિવ્ય ઘટના હતી. એ કોઈ સામાન્ય ઓળખાણ નહોતી.
એ ઓળખાણ દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર **પ્રગટની ઉપાસનાનાં** બીજ વાવ્યાં.
આ ધરાતલ પર સાક્ષાત્ પરબ્રહ્મ તત્ત્વ સદેહે ‘સહજાનંદ સ્વામી’ નામ ધારણ કરી પધાર્યા
**તે જ પરબ્રહ્મ તત્ત્વ શાશ્વત કાળ પર્યંત આ ધરાતલ પર સદેહે સાધુ રૂપે અખંડ પ્રગટ છે, અને રહેશે.**
તેવાં સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે અભય વચન આપ્યાં.
તેથી, અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીના દીક્ષા મહોત્સવનો મહિમા વિશેષ છે.
આ દીક્ષા મહોત્સવ અક્ષરે સહિત પુરુષોત્તમની પ્રગટ ઉપાસનાનો દ્યોતક મહોત્સવ છે.
**અક્ષરધામરૂપ સાધુમાં પરબ્રહ્મ તત્ત્વ સાંગોપાંગ અને અખંડ નિવાસ કરીને રહે છે, તે**
**પરમ ગૂઢાર્થની મર્મસભર આધ્યાત્મિક વાતના રહસ્યને સર્વજન તથા મુમુક્ષુઓ–સાધકો–ઉપાસકો માટે સુલભ બનાવતો મહોત્સવ છે.**

આજે, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મનાં અદ્વય તત્ત્વ, કહેતાં અક્ષરપુરુષોત્તમનાં પરમ તત્ત્વ જેમનામાં સાંગોપાંગ અને અખંડ પ્રગટ છે
તેવા સત્પુરુષ આપણને ગુરુહરિ સંતભગવંત સાહેબજી રૂપે પ્રાપ્ત થયા છે.
પોષી પૂર્ણિમાનો આ ઉત્સવ ગુરુહરિરૂપ થવાનો ઉત્સવ છે, ‘હું’ અને ‘મારા દેહ’ના ભાવમાંથી
સ્વયંમાં પ્રગટ અક્ષર તત્ત્વના સાક્ષાત્કારને પામી અક્ષરરૂપ થઈ પરબ્રહ્મ સ્વરૂપ ગુરુહરિના કાર્યના દિવ્ય વાહક બનવાનો ઉત્સવ છે !
**આ ઉત્સવ તો સ્વયંમાં બ્રહ્મજ્યોતિ પ્રગટાવવાનો ઉત્સવ છે ! મંદિરરૂપ થવાનો ઉત્સવ છે !**

સા. શ્રી...

**~ સાધુ મનોજદાસ**